# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC 'A' (3.02) State University

યુનિવર્સિટી રોડ, પો. બો. નં.–૨૧, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫

ફોન : ૨૨૨૭૪૫, ૨૩૦૫૨૯, ૨૩૦૭૪૩, ૨૩૩૬૪૮ ફેક્સ : (૦૨૭૬૬) ૨૩૧૯૧૭

Email : regi@ngu.ac.in Website : www.ngu.ac.in

**પરિપત્ર ક્રમાંક : ૧૪૦ / ૨૦૧૭**

**વિષય : રાજય સરકારશ્રીની વિદ્યાર્થીઓ માટેની ટેબલેટ યોજના અંગે.**

આથી યુનિવર્સિટી સંલગ્ન સ્નાતક કક્ષાની તમામ વિદ્યાશાખાની કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ યુનિવર્સિટી કેમ્પસમાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો ચલાવતા તમામ ડીપાર્ટમેન્ટસના અધ્યક્ષશ્રીઓ/કો.ઓર્ડિનેટરશ્રીઓને જણાવવાનું કે, ચાલુ વર્ષે ધોરણ–૧૨ પાસ કરેલ હોય અને જૂન–૨૦૧૭ થી સ્નાતક કક્ષાના કોઈપણ અભ્યાસક્રમના પ્રથમ વર્ષ (સેમ–૧) માં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને રાજય સરકારશ્રી દ્વારા ટેબલેટ આપવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે, જે માત્ર રૂા.૧૦૦૦/– લઈ વિદ્યાર્થીઓને ફાળવવામાં આવનાર છે. જે અંતર્ગત આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા આપની કોલેજના મહત્તમ વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ પાસેથી રૂા.૧૦૦૦/– ની રકમ લઈ વિદ્યાર્થીઓને આપના સ્તરેથી તેની પાવતી આપવી. ત્યારબાદ એક યાદી બનાવી યુનિવર્સિટીમાં તા.૨૪/૦૭/૨૦૧૭ સુધી જમા કરાવવાની રહેશે. જેથી ટેબલેટ વિતરણની આગળની વ્યવસ્થા સત્વરે ગોઠવી શકાય.

ટેબલેટ યોજના અંગે વધુ માહિતી હવે પછી આપવામાં આવશે.

વધુમાં સ્પષ્ટતા કરવાની કે ટેબલેટ માટેની રકમનો અલગ ડીમાન્ડ ડ્રાફટ કઢાવવાનો રહેશે. જયારે સૂચના આપવામાં આવે ત્યારે તે યુનિવર્સિટીને મોકલવાના રહેશે, એનરોલમેન્ટ ફી ની સાથે તે રકમ ભેળવી શકાશે નહીં. જેની ખાસ નોંધ લેવા વિનંતી.

કા.કુલસચિવ

**બિડાણ :** પત્રક તથા સરકારનો પત્ર.

નં.– એકે/પ્રવેશ/૪૬૬૦/૨૦૧૭
તારીખ : ૦૭/૦૭/૨૦૧૭

પ્રતિ
– યુનિવર્સિટી સંલગ્ન સ્નાતક કક્ષાની તમામ વિદ્યાશાખાની કોલેજોના આચાર્યશ્રીઓ
– યુનિવર્સિટી કેમ્પસમાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો ચલાવતા ડીપાર્ટમેન્ટના અધ્યક્ષશ્રીઓ/કો.ઓર્ડિનેટરશ્રીઓ (બીબીએ, બી.કોમ., આર્કિ., એમ.એસસી.આઈ.ટી.)

**<u>નકલ સાદર રવાના જાણ સારૂ :</u>**

શ્રી અંજુ શર્મા
અગ્રસચિવ (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ)
બ્લોક નં.–૫, ૮ મો માળ,
સરદાર ભવન, નવા સચિવાલય,
ગાંધીનગર–૩૮૨ ૦૧૦

# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

## વર્ષ : ૨૦૧૭–૧૮

કોલેજનું નામ : ગામનું નામ : કોલેજ કોડ નંબર :

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | મોબાઈલ નંબર | કેટેગરી | અભ્યાસક્રમનું નામ | કોલેજમાં ભરેલ ફી વિગત | | કોલેજે લીધેલ ટેબલેટની ફી ની પાવતી નંબર અને તારીખ | | ધો.૧૨ પાસ કર્યા નું વર્ષ / જી.એસ.ઈ.બી. બોર્ડનો બેઠક નંબર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | પાવતી નંબર | તારીખ | પાવતી નંબર | તારીખ | વર્ષ | બોર્ડનું નામ | બેઠક નંબર |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |

આચાર્યશ્રીના સહી/સિક્કા

**Anju Sharma,** IAS
Principal Secretary
Higher and Technical Education

સત્યમેવ જયતે

અ.સ.પત્ર ક્રમાંક- પરચ/૧૦૨૦૧૭/૨૬૯/સ

**Education Department**
**Government of Gujarat**
Block No. 5, 8th Floor,
Sardar Bhavan, New Sachivalaya.
Gandhinagar-382 010

Date :

તા.૨૮/૦૬/૨૦૧૭

સ્નેહીશ્રી, પ્રજાપતિ જી

આપ સુવિદિત હશો કે, રાજય સરકારે ચાલુ વર્ષથી ધોરણ -૧૨ પાસ કરી કોલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર તમામ વિદ્યાર્થીઓને રૂા. ૧૦૦૦/- ના ટોકન દરથી ટેબલેટ આપવાની મહત્વની યોજના અમલમાં મુકેલ છે. ચાલુ વર્ષે ધોરણ-૧૨ પાસ કરેલ હોય અને આપની યુનિવર્સીટીની તથા યુનિવર્સીટી સાથે એફીલેટેડ સંસ્થાઓ ખાતે પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને ટેબલેટ ફાળવણી આપના માધ્યમ થકી સરળતાથી થઇ શકે તે માટે ટેબલેટ મેળવવા ઇચ્છુક વિદ્યાર્થીઓ પાસેથી ટોકન રકમ રૂા. ૧૦૦૦/- મેળવવાનું શરૂ કરવા અને સંસ્થાદીઠ વિદ્યાર્થીઓની યાદી તથા સંખ્યા યુનિવર્સીટી સ્તરે સંકલિત થાય તે માટે ત્વરિત વ્યવસ્થા સુનિશ્ચત કરવા વિનંતી છે.

સંસ્થા સ્તરેથી વિદ્યાર્થીઓની નોંધણી તેમજ ટેબલેટ દીઠ ટોકન રકમ રૂા.૧૦૦૦/- વિદ્યાર્થીઓ પાસેથી જમા લઇ દરેક વિદ્યાર્થીને તેઓએ જમા કરેલ રકમની પહોંચ આપવાની રહેશે. ટેબલેટ યોજના અંતર્ગત તૈયાર થઇ રહેલ વેબપોર્ટલ ઉપર અપડેટ કરવાની વ્યવસ્થા પણ આપના સ્તરેથી કરવાની થશે. જેનો ફલોચાર્ટ આ સાથે સામેલ છે.

આમ રાજય સરકારની ટેબલેટ યોજનાનો લાભ તમામ વિદ્યાર્થીઓ મેળવી શકે તે મુજબ આપની સંસ્થાઓના સંકલનમાં રહી પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને તબક્કાવાર પ્રવેશ મળતાં જ ટેબલેટ મળી શકે તે માટે હાલ પ્રથમ તબક્કે આપના તાબા હેઠળની સંસ્થાઓમાં પ્રવેશ મેળવી યુનિવર્સીટી ખાતે એનરોલ થનાર વિદ્યાર્થીઓની સંખ્યા સુનિશ્ચિત કરી ટેબલેટ વિતરણના પ્રથમ તબકકાનું સત્વરે આયોજન કરવા આપને અંગત અનુરોધ કરૂં છું.

કુશળ હશો

(અંજુ શર્મા)
અગ્રસચિવ (ઉ. અને ટે.શિ.)

પ્રતિ,
શ્રી બી. એ. પ્રજાપતિ, વાઇસ ચાન્સેલર,
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.

નકલ રવાના:-
કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં.૧૨/ ૨ જો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

Tel: 079-23251306, 23251308 Fax : 079-23254697 E-mail: secedu-he@gujarat.gov.in